# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07/02/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અંબાજી કોરિડોટ પ્રોજેક્ટના પ્રથમ તબક્કા માટે 950 કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહુર્ત કરશે.**
2. **કચ્છના ધોરડો ખાતે ‘ક્લાઈમેટ-રેઝિલિયન્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ’ વિષય પર બે દિવસીય પરિષદનો પ્રારંભ.**
3. **પાટણમાં આજથી બે દિવસ રાણીનીવાવ સાંસ્કૃતિક મહોત્સવ યોજાશે.**
4. **જામનગરના ખીજડીયા પક્ષી અભયારણ્યમાં બે દિવસીય પક્ષી ગણતરીનો પ્રારંભ.**
5. **ભારતે છઠ્ઠી વખત અંડર-19 વિશ્વ કપનો ખિતાબ જીત્યો.**

-----------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# CM AMBAJI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે શક્તિપીઠ અંબાજી ખાતે અંબાજી કોરિડોટ પ્રોજેક્ટના પ્રથમ તબક્કા માટે 950 કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહુર્ત કરશે. આ સાથે ત્રિશૂલીય ઘાટ ખાતે શક્તિ ત્રિશૂળ અનાવરણ પણ કરશે . આ ઉપરાંત તેઓ ડી.કે. ત્રિવેદી ગ્રાઉન્ડ ખાતે સભાને સંબોધન કરશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, આધુનિક સુવિધાથી સજ્જ આ અંબાજી કોરિડોર પ્રોજેક્ટ શ્રદ્ધાળુઓની યાત્રા સુખદ અને સરળ બનાવશે.

---

# BHAGWAT KATHA - CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દેશની સૌ પ્રથમ પ્રકૃતિ પ્રેમ ભાગવત કથા-જ્ઞાનયજ્ઞ મહોત્સવમાં ગઇકાલે સહભાગી થયા

ગાંધીનગરમાં નેચર ફર્સ્ટ ફાઉન્ડેશન અને પ્રકૃતિ પ્રેમીઓના સહયોગથી આ પ્રકૃતિ પ્રેમ ભાગવત કથા ઉત્સવ તા રીખ 1 ફેબ્રુઆરીથી 7 ફેબ્રુઆરી- સુધી યોજાઈ રહી છે.

આ કથાના છઠ્ઠા દિવસે મુખ્યમંત્રીશ્રીએ કથા શ્રવણ કરીને વ્યાસપીઠની આરતીનો લાભ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે, ભાવિ પેઢીને કુદરતી આફતો સામે સુરક્ષિત કરવાના તેમજ જનમાનસમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે શરૂ થયેલી આ કથા પ્રકૃતિના સંપૂર્ણ સાનિધ્યમાં વૃક્ષોની વનરાજી વચ્ચે સેક્ટર- 6માં યોજાઈ રહી છે.

---

# ‘CLIMATE-RESILIENT DISASTER MANAGEMENT’

કચ્છના ધોરડો ટેન્ટ સિટી ખાતે ‘ક્લાઈમેટ-રેઝિલિયન્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ’ વિષય પર બે દિવસીય પરિષદનો શુભારંભ થયો છે.

"ખેતી અને દરિયાકાંઠાના વિસ્તારોમાં આજીવિકા સુરક્ષિત કરવા માટે ડીઝાસ્ટર મેનેજમેન્ટ અને તૈયારીઓ" વિષય પર પ્રથમ સેશન યોજાયું હતું. નેશનલ કાઉન્સિલ ફોર ક્લાયમેટ ચેન્જ , સસ્ટેનેબલ ડેવલપમેન્ટ એન્ડ પબ્લિક લીડરશિપના ડૉ. કિરીટ શેલતે આ અંગે વધુ માહિતી આપી

**BYTE - ડૉ. કિરીટ શેલત**

---

# PATAN RANKI VAAV MAHOTSAV

પાટણમાં આજથી બે દિવસ રાણીનીવાવ સાંસ્કૃતિક મહોત્સવ યોજાશે.

જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી સ્વરૂપજી ઠાકોરના વરદ હસ્તે આ સંગીત ઉત્સવ ખુલ્લો મુકાશે.

યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટની યાદીમાં રાણીની વાવને સ્થાન મળ્યું હોવાની યાદમાં સરકાર દ્વારા દર વર્ષે આ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે.

સાંભળીએ પાટણથી અમારા પ્રતિનિધિનો અહેવાલ

**(વોઈસ કાસ્ટ– રાણીની વાવ - પાટણ પીટીસી)**

---

# KHIJADIYA BIRD SANCTUARY

જામનગરના ખીજડીયા પક્ષી અભયારણ્યમાં ગઈકાલથી બે દિવસ માટેની પક્ષી ગણતરીનો પ્રારંભ થયો છે. જેમાં વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જામનગરના ખીજડીયા પક્ષી અભયારણ્યમાં દર વર્ષે મોટી સંખ્યામાં આવતાં યાયાવર સહિતના અનેક પક્ષીઓની ગણતરી કરવામાં આવે છે. અભયારણ્યમાં 1 વન વિભાગના કર્મચારી, 1 વાઈલ્ડ ફોટોગ્રાફર, અને 1 પક્ષીવીદ સહિતના ત્રણ સભ્યોની ટીમ બનાવીને અલગ અલગ વિસ્તારમાં પક્ષીની ગણતરી શરૂ કરાશે. ખીજડીયા પક્ષી અભ્યારણ બે ભાગમાં વહેંચાયેલું છે , જેમાં વિભાગ-1 અને વિભાગ -2 બંનેમાં એકીસાથે પક્ષીઓની ગણતરી શરૂ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે , પક્ષી ગણતરીની કામગીરી દરમિયાન પ્રવાસીઓ માટે અભ્યારણ બંધ રખાયું છે. અહીં 300થી વધુ પ્રકારના પક્ષીઓ અને 29 જેટલી દુર્લભ ગણાતી પ્રજાતિઓ તેમજ ખીજડીયાનો 'રાજા' ગણાતું પક્ષી કાળી ડોક ઢોંક તથાભેટ ક્રિસ્ટેડ , ક્રિપ કોમન પીચાઇ , વાઈટ આઈવીસ , ડાઈમેશન પેલિકન પક્ષીઓની આવક વધુ રહે છે.

---

# KUTCH FAKE DOCUMENT

પશ્ચિમ કચ્છ SOG ટીમે વિદેશ મોકલવા નકલી દસ્તાવેજો તૈયાર કરતી ટોળકીને પકડી પાડી છે .

મેડિકલ ખામી ધરાવનારા લોકોને GCC માન્ય હોસ્પિટલમાંથી ફિટ બતાવી વિદેશ મોકલવા માટે ડમી વ્યક્તિના ફોટાથી પાસપોર્ટમાં હેરફેર કરી નકલી મેડિકલ ફિટ સર્ટિફિકેટ તૈયાર કરવામાં આવતું હતું.

આ અંગે પશ્ચિમ કચ્છના Dy.SP મિનેષ ક્રિશ્ચિયને વધુ માહિતી આપી હતી.

**BYTE : મિનેષ ક્રિશ્ચિયન - ડીવાયએસપી**

---

## SURAT FLAG

આજથી T-20 વિશ્વ કપનો પ્રારંભ થશે. આ વિશ્વકપ સ્પર્ધામાં 20 દેશોની ટીમો ભાગ લઈ રહી છે.

આજથી શરૂ થઈ રહેલા T20 ક્રિકેટ વિશ્વ કપમાં ભાગ લઈ રહેલા દેશોના રાષ્ટ્રધ્વજ સુરતમાં તૈયાર કરવામાં આવ્યા છે. તમામ 20 દેશોના રાષ્ટ્રધ્વજ સુરતના કાપડ ઉદ્યોગ સાહસિક એકમે બનાવ્યા છે.

જેની વિશેષતા અંગે માહિતી આપતા એકમના માલિક પ્રવિણ ગુપ્તાએ જણાવ્યું કે પર્યાવરણને અનુકૂળ રહે તે માટે 'વેસ્ટ પ્લાસ્ટિકમાંથી આ રાષ્ટ્રધ્વજ બનાવવામાં આવ્યા છે.

**(બાઈટ – પ્રવિણ ગુપ્તા)**

---

## CRICKET UNDER 19

ભારતે છઠ્ઠી વખત અંડર-19 વિશ્વ કપનો ખિતાબ જીત્યો છે.

ઝિમ્બાબ્વેમાં રમાયેલી ફાઇનલમાં ગઇકાલે ભારતે ઇંગ્લેન્ડને 100 રનથી હરાવ્યું છે. પ્રથમ બેટિંગ કરતા , ભારતીય ટીમે વૈભવ સૂર્યવંશીના 175 રનની મદદથી નિર્ધારિત 50 ઓવરમાં 411 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો.

જવાબમાં, ઇંગ્લેન્ડ 40 ઓવર અને 2 બોલમાં 311 રનમાં ઓલઆઉટ થઈ ગયું. ઇંગ્લેન્ડ તરફથી કેલેબ ફોકનરે સૌથી વધુ 115 રન બનાવ્યા.

વૈભવને પ્લેયર ઓફ ધ મેચ અને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યો. ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધામાં રાજ્યના વેદાંત ત્રિવેદી , ખીલન પટેલ અને હેનિલ પટેલે નિર્ણાયક દેખાવ કર્યો છે.

---

## TRAIN

ડાંગરવા સ્ટેશન યાર્ડમાં એન્જિનિયરિંગ કાર્ય માટે બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

જે મુજબ આજે યોગનગરી ઋષિકેશ –સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા–આંબલિયાસણ–કલોલના બદલે પરિવર્તિત માર્ગ મહેસાણા –કટોસણ રોડ–કલોલના રસ્તે ચાલશે. અને દૌલતપુર ચોક–સાબરમતી એક્સપ્રેસ નિર્ધારિત માર્ગ મહેસાણા–આંબલિયાસણ–કલોલના બદલે પરિવર્તિત માર્ગ મહેસાણા –કટોસણ રોડ–કલોલના રસ્તે ચાલશે.

આવતીકાલે વલસાડ –વડનગર–વલસાડ એક્સપ્રેસ ગાંધીનગર કેપિટલ – વડનગર વચ્ચે આંશિક રદ્દ રહેશે.

---

## HAT BAZAR

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના રિછવાણી ગામે દર શનિવારે ભરાતી હાટ બજાર બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. આ નિર્ણય તાલુકા પંચાયતની સામાન્ય સભામાં ઠરાવ દ્વારા લેવામાં આવ્યો છે.

અગાઉ, તાલુકા વિકાસ અધિકારી, દ્વારા 'વિવિધ મંડળી, રિછવણી' ને આ હાટ બજાર ચલાવવાની મંજૂરી આપવામાં આવી હતી. જોકે , હવે આ મંજૂરી રદ કરીને બજાર બંધ કરવાનો નિર્ણય લેવાયો.

પંચાયત રિછવાણી દ્વારા તમામ વેપારીઓ , ફેરિયાઓ અને ગ્રામજનોને આ અંગે નોટિસ દ્વારા જાણ કરવામાં આવી છે.

---

## ILLEGAL MEDICAL PRACTICE

પંચમહાલ SOGએ જિલ્લાના રતનપુર રેલીયામાં ગેરકાયદેસર તબીબી પ્રેક્ટિસ અંગે કાર્યવાહી કરી.

અમારા પ્રતિનિધિના જણાવ્યા મુજબ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના રતનપુર રેલીયા ગામે માન્ય ડિગ્રી કે લાયસન્સ વગર એલોપેથીક તબીબી પ્રેક્ટિસ ચલાવવામાં આવી રહી હોવાની જાણ થતા તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન દીપક શાહ નામનો વ્યક્તિ દવાખાનું ચલાવી ગેરકાયદેસર રીતે એલોપેથીક સારવાર આપતો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે તેના દવાખાનામાંથી વિવિધ પ્રકારની એલોપેથીક દવાઓ અને તબીબી સાધનો સહિત

**કુલ 57 હજાર 783 કિંમતનો જથ્થો જપત કર્યો હતો. અને ગેરકાયદેસર તબીબી પ્રેક્ટિસ કરવા બદલ વેજલપુર પોલીસમથકે ફરિયાદ દાખલ કરવામાં આવી છે.**

---